આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનાં તા.૩૦/૦૮/૨૦૧૬નાં ઠરાવમાં વી. એસ. હોસ્પિટલ, અમદાવાદનાં દરોનાં બદલે AB-PMJAY (મા યોજના) નાં દરો લાગુ કરવા બાબત.

ગુજરાત સરકાર

ઠરાવ ક્ર.તસખ/૧૦૨૦૧૮/૬૬૮૮૦૮/અ-૧

HFWD/PM/e-file/7/2023/4575/A1

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર.

તા. /૦૬/૨૦૨૪.

10 JUN 2024

વંચાણે લીધા:-

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૩૦/૮/૨૦૧૬નો ઠરાવ ક્ર.એમએજી/૧૦૨૦૧૫/૬૦૧/અ-૧.

પ્રસ્તાવના:

રાજ્ય સરકારના અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ, પેન્શનરો અને તેમનાં આશ્રિતોને હૃદયરોગ, કેન્સર, કિડનીને લગતી સારવાર માટે વંચાણે લીધેલ તા.૩૦/૦૮/૨૦૧૬ ના ઠરાવ મુજબ અનુક્રમે યુ.એન.મહેતા હાર્ટ ઇન્સ્ટીટ્યુટ, એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, કિડની હોસ્પિટલ (IKDRC) ના દરો ચાલુ રાખી તે સિવાયના રોગો માટે જ્યાં વી.એસ. હોસ્પિટલના દરો લાગુ પડે છે ત્યાં AB-PMJAY (મા યોજના) નાં સુનિશ્ચિત કરેલા દરો મુજબ મેડીકલ રીએમ્બર્સમેન્ટ મંજૂર કરવા માટેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબ જોગવાઇ કરવામાં આવે છે:-

**: ઠરાવ :**

૧. આ.પ.ક.વિ.ના તા.૩૦/૦૮/૨૦૧૬ નાં ઠરાવની જોગવાઇ મુજબ હવે પછીથી નીચે જણાવેલ સરકારી/સરકારી સમકક્ષ હોસ્પિટલના ધોરણે મેડીકલ રીએમ્બર્સમેન્ટ મંજુર કરવાનું રહેશે:-

(૧) યુ.એન.મહેતા ઇન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર , અમદાવાદ- (હૃદય રોગ માટે)

(૨) ધી ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઇન્સ્ટીટ્યુટ(એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ), અમદાવાદ – (કેન્સર માટે)

(૩) ઇન્સ્ટીટ્યુટ ઓફ કિડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ – (કિડની અને લીવરના રોગો માટે)

(૪) ઉકત ક્રમ ૧ થી ૩ માં જણાવેલ રોગો સિવાયના અન્ય તમામ AB-PMJAY (મા યોજના) માં સમાવિષ્ટ રોગો માટે AB-PMJAY (મા યોજના)ના સુનિશ્ચિત કરેલા દરો મુજબ રીએમ્બર્સમેન્ટ મંજૂર કરવાનું રહેશે.

૨. ઉપર ફકરા ૧ (૪) માં દર્શાવેલ જોગવાઈનો અમલ આ ઠરાવ પ્રસિદ્ધ થયા તારીખથી કરવાનો રહેશે, એટલે કે આ ઠરાવ પ્રસિદ્ધ થયા બાદ લીધેલ સારવારમાં જ લાગુ પડશે અને સદર ઠરાવ પ્રસિદ્ધ થયા પહેલાનાં વહીવટી પ્રક્રિયા હેઠળનાં, અગાઉ લીધેલ સારવારનાં કે અગાઉ મંજૂર કરેલ કેસો પુન: જીવિત કે ધ્યાને લેવાનાં રહેશે નહી.

૩. ગુજરાત રાજ્ય સેવા(તબીબી સારવાર) નિયમો-૨૦૧૫ તથા તા.૩૦/૦૮/૨૦૧૬ નાં ઠરાવની અન્ય જોગવાઇઓ તેમજ આ વિભાગનાં અન્ય આનુષાંગિક ઠરાવો યથાવત રહેશે.

૪. AB-PMJAY (મા યોજના) નાં દરોમાં વખતોવખત થતાં સુધારાઓ આપોઆપ આ ઠરાવમાં લાગું પડશે. મદદનીશ નિયામકશ્રી AB-PMJAY (મા યોજના) એ દર વર્ષે અદ્યતન દરોની માહિતી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને અધિક નિયામકશ્રી(તબીબી સેવાઓ) ને અચૂકપણે મોકલી આપવાની રહેશે.

૫. આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૧૬/૦૩/૨૦૨૪ તથા નાણા વિભાગની તા.૦૬/૦૩/૨૦૨૪ નાં રોજ મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમનાં નામે,

(બી.બી.રાઠોડ)

સરકારનાં નાયબ સચિવ

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

Signature valid

Signed by:B B Rathod
Deputy Secretary
Date: 2024.06.10
16:36:40 +05:30

File No: HFWD/PM/e-file/7/2023/4575/A1

Approved By: Principal Secretary,HFWD

*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

Letter No: HFWD/0854/03/2024 Dt: 10-06-2024

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આરોગ્ય), સ્વર્ણિમ સંકુલ-૧ સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સ્વર્ણિમ સંકુલ-૧-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- નાણા સલાહકારશ્રી(આરોગ્ય) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ. (પત્ર દ્વારા).
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર (પત્ર દ્વારા)
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર (પત્ર દ્વારા)
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવા અને તબીબી શિક્ષણ, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- મદદનીશ નિયામકશ્રી AB-PMJAY (મા યોજના), ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- રેસીડેન્સ કમિશ્નરશ્રી, ગુજરાત ભવન,ન્યુ દિલ્હી.
- સર્વે કલેક્ટરશ્રીઓ.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ.
- સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રીઓ.
- સર્વે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓ.
- સર્વે મુખ્ય જિલ્લા તબીબી અધિકારી-સહ-સિવિલ સર્જનશ્રીઓ જનરલ હોસ્પિટલ.
- સર્વે અધિક્ષકશ્રીઓ સરકારી હોસ્પિટલ.
- સર્વે ડીનશ્રીઓ મેડીકલ કોલેજ તથા ડેન્ટલ કોલેજ (ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સહિત)
- સર્વે તબીબી અધિક્ષકશ્રીઓ સિવિલ હોસ્પિટલ, (ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચસોસાયટી સહિત)
- માહિતી કમિશ્નરશ્રી, ગાંધીનગર.
- ભાષા નિયામકશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ૧૭, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

Signature valid
Signed by:B B Rathod
Deputy Secretary
Date: 2024.06.10
16:36:40 +05:30

File No: HFWD/PM/e-file/7/2023/4575/A1
Approved By: Principal Secretary,HFWD
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ડ ફંડ, ૧૮, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- નિયામકશ્રી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- રાજ્યના તમામ સામૂહિક આરોગ્ય કેન્દ્રોના અધિક્ષકશ્રીઓ.
- સર્વે મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશ્નરશ્રીઓ
- સચિવાલયના વહીવટી વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ
- લાયજન ઓફીસરશ્રી, ગુજરાત સરકાર,ધનરાજ મહેલ,અપોલો બંદર, મુંબઇ-૪૦૦૦૩૯.
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સર્વે શાખાઓ.
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ.
- સિસ્ટમ મેનેજરશ્રી,આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ઠરાવ વિભાગની વેબસાઇટ પર મુકવા માટે
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૪.

Signature valid
Signed by:B B Rathod
Deputy Secretary
Date: 2024.06.10
16:36:40 +05:30